# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 19-05-2022 બપોરે : 2.20pm to 2.25pm

વાર : ગુરૂવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# પ્રધાનમંત્રી યુવા શિબિર

ભારતીય નાગરિકોએ પ્રાચીન પરંપરાઓ અને આધુનિક જ્ઞાનના સમન્વયથી નવા ભારતના નિર્માણના પ્રયાસો શરૂ કર્યા છે , ત્યારે સંઘર્ષ અને અસંતોષરૂપી પ્રશ્નોથીગ્રસ્ત વિશ્વ સમુદાય ભારત તરફ નવી આશાથી જોઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વડોદરામાં સ્વામિનારાયણ મંદિરો દ્વારા આયોજીત યુવા શિબિરને સંબોધતા જણાવ્યું હતું કે , આપણે સમગ્ર માનવજાતીને દિશા સૂચવી શકે તેવા નવા ભારતનું નિર્માણ કરવાનું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, યોગ અને આયુર્વેદના સામર્થ્યથી યોગ અને આયુર્વેદ તેમજ વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતી સાંધતો ભારત સમગ્ર વિશ્વ માટે આશાનું કિરણ લઈ આવ્યો છે. કોરોનાના કપરા કાળમાં ભારતીય વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલી રસી અને દવાઓની મદદથી આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને નવું બળ મળ્યું છે.

શ્રી મોદીએ યુવાઓ માટે સંસ્કાર અભ્યુદય શિબિર યોજવાના સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રયાસોને બિરદાવ્યા હતા. સ્વામિનારાયણ મંદિર , કુંડલ ધામ અને કારેલી બાગ ખાતેના સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજાયેલા આ શિબિરમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ અને રાજ્યના મંત્રી મનીષાબેન વકીલ ઉપસ્થિત રહ્યા હતા.

# મંદબુદ્ધિ મહિલા સંસ્થા

અરવલ્લીના બાયડ તાલુકાની જય અંબે મંદબુદ્ધિ મહિલા સંસ્થાની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી છે. તેમના પૂર્વનિર્ધારિત કાર્યક્રમ અનુસાર અરવલ્લીના પ્રવાસે હતા તે

દરમ્યાન આ મનોદિવ્યાંગ મહિલા કેન્દ્રની તેમણે મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ સંસ્થાની મનોદિવ્યાંગ મહિલાઓ સાથે વાતચીત કરી હતી. તેમણે સંસ્થામાં મહિલાઓને અપાતી સુવિધાઓની વિગતો મેળવી હતી, તથા આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની ઝિણવટપૂર્વક વિગતો તેમણે જાણી હતી. મુખ્યમંત્રીએ આ મુલાકાત દરમ્યાન સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવીને આનંદ વ્યક્ત કર્યો. તેમણે મનોદિવ્યાંગ મહિલાઓ સંસ્થા સુધી કેવી રીતે પહોંચે છે તેની પણ વિસ્તૃત વિગતો ટ્રસ્ટીગણ પાસેથી મેળવી હતી.

ઉલ્લેખનીય છે કે, 'જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ ' જેમનું કોઇ વાલી-વારસ ન હોય તેવા મનોદિવ્યાંગ લોકોને આશ્રમમાં લાવી તેમની દેખરેખ રાખે છે. રોડ-રસ્તા પર રખડતા-ભટકતા આવા લોકોને સરકારની અભયમ ટીમની મદદથી આશ્રમમાં લાવી તેમને આશ્રય અપાય છે. અત્યાર સુધીમાં ૩૫૦ થી વધુ બહેનોને અહી આશ્રય અપાયો છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત વેળાએ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડીંડોર , જિલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીણા તેમજ 'જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હીરાસર ગ્રીન ફિલ્ડ

એરપોર્ટ ઓથોરિટીના ચેરમેન સંજીવકુમાર રાજકોટ સ્થિત હીરાસર ગ્રીન ફિલ્ડ એરપોર્ટની મુલાકાતે ગયા હતા, અને સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે તેમણે ટર્મિનલ બિલ્ડીંગ, એ.ટી.સી. ટાવર , ફાયર સ્ટેશન , રન વે સહિત વિવિધ સ્થળની સાઇટ વિઝીટ લઇને પ્રગતિ હેઠળની કામગીરીને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવા માટે તાકીદ કરી હતી. તેમની સમક્ષ એરપોર્ટની કામગીરીનો પ્રોગ્રેસ રિપોર્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરાયો હતો.

તેમણે તમામ એજન્સીઓ સાથે ચર્ચા કરીને પડતી મુશ્કેલીઓ જાણી તમામ બાબતોનું વહેલામાં વહેલી તકે નિરાકરણ લાવી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. એરપોર્ટ ઓથોરિટીના પ્રોજેક્ટ મેનેજરના જણાવ્યા મુજબ હાલ રનવેની  ૨૭૦૦ મીટરની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. બાઉન્ડ્રી વોલની કામગીરી પૂર્ણતાના આરે છે. બોકસ કલવર્ટની કામગીરી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે.

# ઘઉંની નિકાસ

ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ- ડીજીએફટીએ ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકી દેતાં ખાસ તો ગાંધીધામ-કંડલા સંકુલમાં  12થી 16 મેટ્રિક ટન ઘઉંનો ભરાવો થઇ ગયો છે. જેને લઇને સ્થિતિ તંગ બનતાં  ડીજીએફટીના એડિશનલ ડીજીએ ગાંધીધામ આવીને વપરાશકારો , પોલીસ,  દીનદયાળ પોર્ટ ઓથોરિટી તથા કસ્ટમ વગેરેના અધિકારીઓ સાથે બેઠક યોજી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પ્રતિબંધને લઇને જેટી ઉપર અટકેલા પાંચ જહાજોમાં  નિકાસી ઘઉં ભરવા મંજૂરી અપાયા બાદ  વધુ છ જહાજને ઘઉં નિકાસની પરવાનગી મળવાની સંભાવના દર્શાવાઈ છે. ટ્રેડ સાથેની બેઠકમાં ડીપીએના ઉપાધ્યક્ષ નંદીશ શુકલા , કસ્ટમના એડિશનલ કમિશનર આર. એમ. મીણા , પૂર્વ કચ્છ પોલીસવડા મહેન્દ્ર બગડિયા , કાસેઝના જોઇન્ટ કમિશનર સત્યદીપ મહાપાત્ર , ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઇ કાનગડ , માનદ્દમંત્રી મહેશભાઇ તીર્થાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# અદાલત બિલ્ડીંગ

મહેસૂલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું છે કે , રાજ્યની વધુ ત્રણ અદાલતોના બિલ્ડિંગ નવા બનાવવામાં આવશે. ૧૭ કરોડના ખર્ચે ઉમરાળા અને સાણંદની તાલુકા કોર્ટ અને અંદાજે ૫૨ કરોડના ખર્ચે ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડિંગ નવા , અદ્યતન અને સુવિધાસભર બનાવશે. આ કોર્ટ બિલ્ડિંગમાં કોર્ટ રૂમ, જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ, બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી, ગાર્ડન, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સહિતની તમામ જરૂરી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. રાજ્યની તમામ અદાલતોના બિલ્ડીંગ નવા અને અદ્યતન-સુવિધાસભર બનાવવાની દિશામાં વધુ એક નક્કર પગલું ભરી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યંવ કે , ભાવનગર જીલ્લાના ઉમરાળા ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણા વિભાગ દ્વારા કુલ સવા આઠ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ અદ્યતન નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગમાં ૨ કોર્ટરૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે તેમજ જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ , બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી, કોન્ફરન્સ રૂમ, કેન્ટીન, સ્ટોર રૂમ, રેકર્ડ રૂમ, રજીસ્ટ્રાર, એડમીન બ્રાન્ચ તેમજ પાર્કીંગ શેડ , ગાર્ડન, રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ અને ફાયર ફાયટીંગ સિસ્ટમ સહિતની તમામ જરૂરી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે.

# નૉન ઇન્ટરલોકિંગ કામગીરી

સાણંદ રલવે સ્ટેશન ખાતે નૉન ઇન્ટરલોકિંગ કામગીરીના લીધે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થનારી ચાર ટ્રેનો રદ કરવામાં આવી છે. અમદાવાદ-વીરમગામ સેક્શન માં આવેલ સાણંદ સ્ટેશન ખાતે નૉન ઇન્ટરલોકિંગ કામગીરી માટે રાજકોટ ડિવિઝનથી જતી ચાર ટ્રેનોને સંપૂર્ણ રીતે રદ્દ કરવામાં આવી છે. રદ્દ થયેલી આ ટ્રેનોમાં ટ્રેન નંબર 19 119 અને 19120 અમદાવાદ-સોમનાથ એક્સપ્રેસ, ટ્રેન નંબર 22959 અને 22960 વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ રદ કરવામાં આવી છે